Upload MIDDAY NATIONAL NEWS AT 1.20 TO 1.30 PM 23-05-2024-1

# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 23-05-2024 Midday : 1.20 to 1.30
Day : Thurssday National News

## આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

**************************************************

- લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કામાં 25મી મે એ 58 બેઠકો પર યોજાનાર મતદાન માટે આજે સાંજે પ્રચાર પ઼ડઘમ શાંત થશે.
- લોકસભા ચૂંટણીના પ્રચાર માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પંજાબ અને હરિયાણામાં જાહેરસભા સંબોધશે. રાહુલ ગાંધી, રાજનાથસિંહ, સ્મૃત ઇરાનીએ દિલ્હીમાં જાહેરસભાઓ સંબોધી
- બ્રિટનના પ્રધાનમંત્રી ઋષિ સુનકે ચાર જુલાઇએ ચૂંટણીની જાહેરાત કરી.
- હવામાન વિભાગે આગામી ત્રણથી ચાર દિવસ સુધી ગુજરાત, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં રેડ એલર્ટ જારી કર્યુ.
- વિશ્વ પેરા એથ્લેટિક્સમાં ભારતનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન....5 સુવર્ણ સહિત 12 ચંદ્રક જીત્યા
- આજે સમગ્ર દેશમાં બુદ્ધ પૂર્ણિમાની ઉજવણી થઇ રહી છે. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ શુભેચ્છાઓ પાઠવી.

****************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# Campaign Revise

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે આજે સાંજે પ્રચાર પડઘમ સાંજે શાંત થશે. આ તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશ સહિતની કુલ 58 બેઠકો માટે 25 મેના રોજ મતદાન થશે. જેમાં બિહારની 8, હરિયાણાની તમામ 10, જમ્મૂ કાશ્મીરની 1, ઝારખંડની 4, દિલ્હીની તમામ 7, ઓડિશાની 6, ઉત્તર પ્રદેશની 14 અને પશ્ચિમ બંગાળની 8 લોકસભા બેઠકો માટે મતદાન થશે. આ બેઠકો પર 889 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

વિવિધ રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો મતદારોને રિઝવવા આજે અંતિમ પ્રયાસ કરશે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હરિયાણાના ભિવાની અને પંજાબના પટિયાલામાં ચૂંટણી સભા સંબોધશે.

દિલ્હીની સાત લોકસભા બેઠકો માટે પ્રચાર અભિયાન આજે સાંજે પૂર્ણ થઈ રહ્યું છે. ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી રાજનાથસિંહે દ્વારકામાં જાહેર સભા સંબોધી હતી. ભાજપના નેતા અને કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયેલે પશ્ચિમ દિલ્હીનાં નજફગઢમાં અને ભાજપનાં નેતા અને કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઇરાનીએ ચાંદની ચોક બેઠકનાં અશોક વિહારમાં રોડ શો યોજ્યો હતો. તો રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ રોહિણી વિસ્તારમાં રોડ શો યોજ્યો હતો.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ દિલશાદ ગાર્ડનમાં જાહેર સભાને સંબોધી હતી. તેમણે ભાજપની આગેવાની હેઠળની સરકાર પર ગરીબી અને આવકની અસમતુલા ઊભી કરવાનો આરોપ લગાવ્યો હતો.

# Britan election

બ્રિટનના પ્રધાનમંત્રી ઋષિ સુનકે ચાર જુલાઇએ ચૂંટણીની જાહેરાત કરી છે. તેમણે જાહેરાત કરતાં કહ્યું કે હવે બ્રિટન માટે તેનું ભવિષ્ય પસંદ કરવાની ક્ષણ છે. સમગ્ર બ્રિટનના મતદારો હાઉસ ઓફ કોમન્સના તમામ 650 સભ્યોને પાંચ વર્ષ માટે પસંદ કરશે. હાઉસ ઓફ કોમન્સમાં બહુમતી મેળવનાર પક્ષ, એકલા અથવા ગઠબંધનમાં, આગામી સરકાર બનાવશે અને તેના નેતા પ્રધાનમંત્રી હશે.

# IRAN PRESIDENT

ઇરાનના દિવંગત રાષ્ટ્રપતિ ઇબ્રાહિમ રઇસીની અંતિમ યાત્રામાં હજારો લોકો જોડાયા હતા. તેમને મૂળ વતન મરશદના શિયા ઇસ્લામની આઠમી ઇમામ રજા દરગાહ ખાતે દફનાવવામાં આવી રહ્યા છે. 19મા મે એ હેલિકોપ્ટર દુર્ઘટનામાં રાષ્ટ્રપતિ ઇબ્રાહિમ રઈસી, વિદેશ મંત્રી હોસેન અમીરાબ્દુલ્લાહિન અને અન્ય લોકોના નિધન થયા હતા. ગઈકાલે ઇરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખમૈનેઈની અગેવાનીમાં અંતિમવિધિ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે વિવિધ દેશોના વડાઓ હાજર રહ્યા હતા. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ ઇરાનની મુલાકાતે છે. તેમણે દિવંગત નેતાઓને શ્રદ્ધાંજલિ આપી હતી.

# INDIA CYBER CRIME

ભારતીય સાઇબર અપરાધ સમન્વય કેન્દ્ર (I4C)એ કહ્યું છે કેભારતને નિશાન બનાવીને થનારા સાઇબર અપરાધોમાં નોંધપાત્ર વધારો થયો છે. આ હુમલાઓ મોટે ભાગે દક્ષિણ એશિયાઈ દેશોમાંથી થઈ રહ્યા છે. નવી દિલ્હીમાં

પત્રકારોને સંબોધતા I4Cના સીઈઓ રાજેશ કુમારે કહ્યું કે, આ સાઇબર અપરાધોની ઘટનાઓ કંબોડિયા, મ્યાનમાર, લાઓસ જેવા દેશોમાં સામે આવી રહી છે. તેમણે કહ્યું કે રોકાણ, ટ્રેડિંગ, ડિજીટલ ધરપકડ, ડેટિંગ સહિતના વિવિધ કૌભાંડો સંબંધીત સાઇબર ફરિયાદોમાં મોટો ઉછાળો આવ્યો છે.

શ્રી કુમારે કહ્યું કે દક્ષિણ પૂર્વ એશિયાઈ દેશોમાં થનારા સાઇબર અપરાધોને પાર પાડવા ગૃહ મંત્રાલયના વિશેષ સચિવની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરાઈ છે. સરકારે છેલ્લા ચાર મહિનામાં 3.25 લાખ મ્યૂલ ખાતા ફ્રીઝ કર્યા છે, જ્યારે 595 એપ બ્લૉક કરી છે, ઉપરાંત 5.3 લાખ સિમકાર્ડ રદ્દ કર્યા છે.

## PUNE JUVENILE

**જુવેનાઇલ જસ્ટીસ બોર્ડે, પુણેમાં બેફામ રીતે કાર ચલાવીને બે યુવકોની હત્યા કરનાર કિશોરને જામીન આપવાના નિર્ણયને પલટાવ્યો છે અને તેને 5મી જૂન સુધી રિમાન્ડ હોમમાં મોકલી આપ્યો છે.**

**અગાઉ, કિશોરને ઘટના બાદ નવા કાયદાને ટાંકીને તાત્કાલિક જામીન આપવામાં આવ્યા હતા. આ નિર્ણયનો લોકો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો જેના પગલે પૂણે પોલીસે કિશોરને કાઉન્સેલિંગ માટે રિમાન્ડ હોમમાં મોકલવા માટે જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ સમક્ષ અરજી દાખલ કરી હતી. પુણે સેશન્સ કોર્ટે ગઈકાલે શહેરના કલ્યાણીનગર વાહન અકસ્માત કેસમાં સગીરના પિતાને 24 મે સુધી પોલીસ કસ્ટડીમાં રાખવાનો આદેશ આપ્યો હતો.**

## MEXICO - DEAD

મેક્સિકોમાં, ગઈકાલે રાત્રે ભારે પવન ફૂંકાવાના કારણે, ચૂંટણી કાર્યક્રમમાં એક મંચ તૂટી પડતાં એક બાળક સહિત ઓછામાં ઓછા નવ લોકોનાં મોત થયાં છે.

આ ઘટનામાં 60 થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે. આ ઘટના ત્યારે બની જ્યારે રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જોર્જ અલ્વારેઝ મેનેઝ સાન પેડ્રો ગાર્ઝા ગાર્સિયા શહેરમાં રેલી કરી રહ્યા હતા. મેક્સિકોમાં 2 જૂને સામાન્ય ચૂંટણી યોજાવાની છે.

## Weather update…

આગામી બે દિવસ સુધી ઉત્તર અને મધ્ય ભારતમાં પ્રચંડ ગરમીની સંભાવના છે. હવામાન વિભાગે આગામી ત્રણથી ચાર દિવસ સુધી રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં રેડ એલર્ટ જારી કર્યો છે. વિદર્ભ અને મહારાષ્ટ્રમાં પણ ભીષણ ગરમીની આગાહી છે. આસામમાં ગરમ અને શુષ્ક હવામાન રહેશે.

દરમિયાન આજે તામિલનાડુ, પુડુચેરી અને કરાઇકલમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે, ચોમાસુ દક્ષિણ અરબી સમુદ્ર, માલ્દિવ્સ, દક્ષિણ બંગાળનો અખાત, આંદામાન નિકાબોર ટાપુઓ અને આંદામાન દરિયાનાં કેટલાંક ભાગોમાં નૈઋત્યનું ચોમાસું આગળ વધ્યું છે.

## World Para Athletics Championships

વિશ્વ પેરા એથ્લેટિક્સમાં ભારતે સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. 5 સુવર્ણ સહિત 12 ચંદ્રક જીત્યા….વિશ્વ પેરા એથ્લેટિક્સમાં ભારતીય ટીમોનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન યથાવત છે… અત્યાર સુધીમાં 5 સુવર્ણ સહિત કુલ 12 ચંદ્રક ભારતે જીત્યા છે…

ગઈકાલે પુરૂષ એફ 46 શોટપુટમાં સચિન સર્જેરાઓએ 16.30 મીટરનો થ્રો કરી સુવર્ણ ચંદ્રક જીત્યો છે અને પોતાનો 16.21 મીટરનો એશિયન રેકોર્ડ તોડ્યો છે...જ્યારે એફ 51 ક્લબ થ્રોમાં 35 વર્ષિય ધર્મવીરે 33.61 મીટરનો થ્રો કરી કાંસ્ય ચંદ્રક જીત્યો છે...

ઉલ્લેખનીય છે કે ભારતે ગત વર્ષે સૌથી વધુ 10 ચંદ્રક જીત્યા હતા અને આ વર્ષે અત્યાર સુધી ભારત 12 ચંદ્રક હાંસલ કરનાર ચીન, બ્રાઝીલ બાદ ત્રીજા ક્રમે છે...

# BUDDHA PURNIMA

ભગવાન બુદ્ધની જન્મ જયંતિ નિમિત્તે આજે દેશના વિવિધ ભાગોમાં બુદ્ધ પૂર્ણિમાની ઉજવણી કરાઈ રહી છે. રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિએ બુદ્ધ પૂર્ણિમાની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રવાસીઓને શુભેચ્છા પાઠવી હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પોતાના સંદેશમાં કહ્યું કે, ભગવાન ગૌતમ બુદ્ધે માનવતા અને તમામ જીવો માટે સત્ય, અહિંસા, સૌહાર્દ તેમજ પ્રેમનો સંદેશ આપ્યો. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે જણાવ્યું હતું કે, ભગવાન ગૌતમ બુદ્ધના ઉપદેશો નૈતિક આચરણ, માનસિક અનુશાસન અને જ્ઞાનની શોધ માટે પરિવર્તનકારી રોડમેપ પ્રદાન કરે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બુદ્ધ પૂર્ણિમાની શુભેચ્છાઓ પાઠવતા સોશિયલ મીડિયા પર લખ્યું કે, બુદ્ધ વ્યક્તિથી આગળ વધીને બોધ છે, અને બુદ્ધની ચેતના નિરંતર છે.

Upload MIDDAY NATIONAL NEWS AT 1.20 TO 1.30 PM 23-05-2024-7

# PREZ-RAGHUNATH MURMU

રાષ્ટ્રપતિ દ્રૌપદીમુર્મુએ સંથાલી લેખક પંડિત રઘુનાથ મુર્મુને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી. એક સોશિયલ મીડિયાપોસ્ટમાં રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે ઓલ ચિકી લિપિનો વિકાસ કરીને તેમણે સંથાલી ભાષાને નવી ઓળખ આપી. તેમણે વધુમાં ઉમેર્યું કે, સંથાલી ભાષાના પ્રચારમાં તેમના યોગદાનથી સંથાલી લોકો માટે તકો વધી છે અને તેઓ તેમના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા વિશે વધુ જાગૃત બન્યા છે.